# ઇન્ટિગ્રેટેડ વોટર મેનેજમેન્ટ જ ખાડીપૂરથી બચાવશે

**પૂર,** દુર્ગંધ અને પ્રદૂષણના કાયમી ઉકેલ માટે ટેક્નોલોજી, સિવિલ એન્જિનિયરિંગ અને ઇકોલોજીકલ સોલ્યુશન્સનું સંકલન જરૂરી

**અર્બન** પ્લાનર CEPT અમદાવાદ અને SVNIT રિસર્ચ ફેલો પંકજ ગાંધીનું સંશોધન

સુરતઃ સુરત શહેરમાં ચોમાસા દરમિયાન ખાડીપૂર, ગંદુ પાણી અને હાઈડ્રોજન સલ્ફાઈડ ($SH: 2S$) ગેસથી સર્જાતી દુર્ગંધ વર્ષોથી ગંભીર સમસ્યા બની રહી છે. જેના કાયમી નિરાકરણ માટે 'ઈન્ટીગ્રેટેડ અર્બન વોટર મેનેજમેન્ટ' (IUWM) મોડલ અપનાવવું અનિવાર્ય હોવાનું સંશોધક ડૉ.પંકજ ગાંધી (અર્બન પ્લાનર CEPT અમદાવાદ અને SVNIT રિસર્ચ ફેલો) નું માનવું છે. ડૉ. ગાંધીના અભ્યાસ મુજબ ખાડીઓને માત્ર ગટર નહીં પરંતુ 'અર્બન વોટર બોડી' તરીકે વિકસાવવામાં આવે તો પૂર નિયંત્રણથી લઈને પાણીના પુનઃઉપયોગ સુધીના બહુવિધ લાભ મળી શકે છે. તેમણે પૂર નિયંત્રણ માટે ખાડીનું નિયમિત ડી-સિલ્ટિંગ, ચેનલાઈઝેશન અને પહોળાઈ વધારવાની ભલામણ કરી છે. શહેરની બહાર ડિટેન્શન પોન્ડ્સ બનાવવાથી અતિવૃષ્ટિ દરમિયાન વધારાનું પાણી સંગ્રહ થઈ શકશે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઘટશે.

ખાડી જ્યાં નદી કે દરિયાને મળે છે ત્યાં હાઈ-કેપેસિટી ફ્લડ ગેટ્સ અને પમ્પિંગ સ્ટેશન્સ ઉભા કરવા જરૂરી ગણાવવામાં આવ્યા છે. ભરતી વખતે બેકવોટર અસર અટકાવવા માટે SCADA આધારિત ઓટોમેટેડ સિસ્ટમથી પાણીનું સંચાલન થઈ શકે છે. પાણીની ગુણવત્તા સુધારવા માટે ઈન્ટરસેપ્ટર સુઅરેજ લાઈન સૌથી મહત્વપૂર્ણ ગણાઈ છે. આ પાઈપલાઈન ખાડીઓમાં પડતું ગટરનું પાણી સીધું STP સુધી પહોંચાડશે. ઉપરાંત ઈન-સીટુ બાયો-રેમિડિયેશન, માઈક્રોબાયલ કલ્ચર અને એરેશન સિસ્ટમથી પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ વધશે, જેના કારણે દુર્ગંધ ઉત્પન્ન કરનારા બેક્ટેરિયાનો નાશ થશે.

## દક્ષિણ કોરિયા, સિંગાપોર, ચીન અને નેધરલેન્ડ જેવા દેશોમાં પણ સુરત જેવી સમસ્યા હતી

'ઇન્ટિગ્રેટેડ અર્બન વોટર મેનેજમેન્ટ'થી પૂર નિયંત્રણ, પ્રદૂષણ નિવારણ અને ઇકો-રીસ્ટોરેશન શક્ય

સુરતની ખાડીઓ, નાળા અને નદી વ્યવસ્થાને આધુનિક તથા પર્યાવરણમૈત્રી બનાવવાના પ્રસ્તાવિત 'ઇન્ટિગ્રેટેડ અર્બન વોટર મેનેજમેન્ટ' મોડેલને વૈશ્વિક સ્તરે સફળ થયેલા અનેક પ્રોજેક્ટ્સ મજબૂત આધાર આપે છે. દક્ષિણ કોરિયાના સિઓલ (Seoul) માં અમલમાં આવેલ 'ચેઓન્ગ્યેચિયોન રિવર રિસ્ટોરેશન' પ્રોજેક્ટ સુરત માટે પ્રેરણારૂપ ગણાય છે. ગંદકીથી ભરાયેલી નદી ઉપર બનેલો હાઈવે દૂર કરી નદીને પુનર્જીવિત કરવામાં આવી, જેના કારણે શહેરનું તાપમાન અને પૂરનું જોખમ ઓછું થયું છે. સિંગાપોર એ 'NEWater' અને 'ABC Waters Programme' દ્વારા ગટરના પાણીનું ટર્શિયરી ટ્રીટમેન્ટ કરી તેનો ઔદ્યોગિક તથા પીવાના ઉપયોગ સુધીનો સફળ મોડેલ ઉભો કર્યો છે. નહેરો અને ડ્રેનેજને જાહેર સ્થળોમાં રૂપાંતરિત કરી શહેરને "સ્પોન્જ સિટી" તરીકે વિકસાવાયું છે. નેધરલેન્ડ ના 'Room for the River' પ્રોજેક્ટ હેઠળ નદીઓને વધુ જગ્યા આપી, ફ્લડપ્લેઇન અને ડિટેન્શન પોન્ડ્સ બનાવી પૂર નિયંત્રણ હાંસલ કરાયું. જ્યારે ચીન ના વુહાન અને ગોંગઝાઉ (Quanzhou) માં પરમીએબલ પેવમેન્ટ્સ અને કન્સ્ટ્રક્ટેડ વેટલેન્ડ્સ દ્વારા વરસાદી પાણી સંચાલન તથા કુદરતી શુદ્ધિકરણ સફળ બન્યું છે. આ મોડેલો સુરત માટે લાંબા ગાળાના ટકાઉ વિકાસની દિશા દર્શાવે છે.



### આ સિસ્ટમ ઊભી કરવી પડશે

(1) ખાડીનું નિયમિત ડી-સિલ્ટિંગ કરવું
(2) ભરતીની અસર અટકાવવા માટે SCADA આધારિત ઓટોમેટેડ સિસ્ટમથી પાણીનું સંચાલન
(3) શહેરની બહાર ડિટેન્શન પોન્ડ્સ બનાવવા
(4) ખાડી દરિયા કે નદીને મળે ત્યાં પમ્પિંગ સ્ટેશન અને હાઇ કેપેસિટી ફ્લડ ગેટની જરૂર

# રાંદેરના રાશીદ તોડુના ત્રણ ડ્રગ પેડલર ઝડપાયા

**ક્રાઈમ** બ્રાંચ અને મહિધરપુરા પોલીસે બે દરોડા પાડી ૬૫ હજારનું એમડી ડ્રગ્સ પકડી પાડ્યું

સુરતઃ ક્રાઇમ બ્રાંચ અને મહિધરપુરા પોલીસે અલગ-અલગ બે સફળ ઓપરેશન હાથ ધરીને ૬૫ હજારના પ્રતિબંધિત મેફેડ્રોન (એમ.ડી.) ડ્રગ્સના જથ્થા સાથે કુલ ત્રણ સાગરીતને દબોચી લીધા છે. જ્યારે આ બંને નેટવર્ક પાછળ મુખ્ય સૂત્રધાર તરીકે ઉભરી આવેલો રાંદેરનો કુખ્યાત ડ્રગ સપ્લાયર 'રાશીદ ઉર્ફે રાશીદ તોડુ' પોલીસ પકડથી ભાગતો ફરી રહ્યો છે.

### ઓપરેશન-૧: સહરા દરવાજા બ્રિજ નીચેથી મોટો ગરાસ ઝડપાયો

સુરત ક્રાઇમ બ્રાંચની ટીમ ખાનગી વાહનમાં વોન્ટેડ આરોપીઓની શોધખોળ માટે પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમીદાર તરફથી ચોક્કસ હકીકત મળી હતી કે અમરોલીના કોસાડ આવાસમાં રહેતો અને અગાઉ ડ્રગ્સના ગુનામાં સંડોવાયેલો આસીફ ઉર્ફે આસીફ માલેગાંવ મજીદ શાહ નામનો ઇસમ ડ્રગ્સનો જથ્થો વેચવા માટે સહરા દરવાજા સુરાના-૧૦૧ બિલ્ડિંગની સામે બ્રિજ નીચે ઊભો છે. બાતમીના આધારે ક્રાઇમ બ્રાંચની ટીમે તુરંત વોચ ગોઠવીને પોલીસને જોઈ ભાગવાની કોશિશ કરી રહેલા આસીફ માલેગાંવને કોર્ડન કરી ઝડપી લીધો હતો. તલાશી દરમિયાન તેના કબજામાંથી ૧૭.૫૩૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ (જેની કિંમત રૂ.૫૨,૫૯૦), રોકડા રૂ.૧૯,૨૦૦, એક મોબાઈલ અને નાનો ડિજિટલ વજન કાંટો મળી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું કે આ જથ્થો તે રાંદેરના રાશીદ તોડુ પાસેથી વેચાણ અર્થે લાવ્યો હતો. પોલીસે કુલ રૂ.૮૨,૨૯૦નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ઓપરેશન-૨: દિલ્લીગેટ પાસે મહિધરપુરા પોલીસની ફિલ્મીઢબે વોચ

મહિધરપુરા પોલીસની એક ટીમને બાતમી મળી હતી કે એક સિલ્વર કલરની મોપેડ (GJ-05-SH-0438) પર બે ઇસમ સહરા દરવાજા તરફથી સબરસ ગરનાળા થઈને ડ્રગ્સનો જથ્થો સપ્લાય કરવા નીકળવાના છે. બાતમી મળતા જ પોલીસે રેલવે ગોદામના ગેટ પાસે વોચ ગોઠવી દીધી હતી. વોચ દરમિયાન મોડી રાત્રે બાતમીવાળી મોપેડ આવતા જ પોલીસે તેને આંતરી લીધી હતી. મોપેડ પર સવાર (૧) મોહમદ એજાજ ઉર્ફે અબ્બુ મોહમદ હુસૈન અંસારી (રહે.,ખજૂરાવાડી મુગલીસરા, લાલગેટ) અને (૨) સોફિયાન ઇમરાન શેખ (રહે.,મન્નત એપાર્ટમેન્ટ, વરિયાળી બજાર, લાલગેટ) નામના બે યુવકને નીચે ઉતારી તપાસ કરતા તેમની પાસેથી 1 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ (કિં.રૂ.૧૨,૫૧૦), ૯૩ નંગ નાની પ્લાસ્ટિકની ઝીપબેગ, ૨ મોબાઈલ અને મોપેડ મળી કુલ રૂ.૪૮,૬૧૦નો મુદ્દામાલ પકડી પાડ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે આ બંને સાગરીતે પણ નશાનો આ સામાન રાંદેરના 'રાશીદ તોડુ' પાસેથી જ રૂ.૯,૦૦૦માં ખરીદ્યો હોવાની કબૂલાત કરી છે. બંને અલગ-અલગ દરોડામાં એક જ ડ્રગ માફિયા 'રાશીદ ઉર્ફે રાશીદ તોડુ' (મોબાઈલ નં. ૯૦૮૧૬૦૬૩૭૧)નું નામ ખૂલતાં પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું છે. સુરતના રાંદેર વિસ્તારમાં રહેતો આ સપ્લાયર આખા શહેરમાં નાના પેડલરોને ડ્રગ્સ સપ્લાય કરતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે હાલ તમામ આરોપીઓ વિરૂદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને વોન્ટેડ રાશીદને ઝડપી લેવા માટે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યાં છે.

# ૨.૬૩ લાખના MDસાથે નાનપુરાનો યુવક ઝડપાયો

**વરાછા** રેલવે પાટા નજીકથી અજાણ્યા ઇસમ પાસેથી ડ્રગ્સ લાવ્યો હોવાની આરોપીની કબૂલાત

સુરતઃ ઉમરા પોલીસે અઠવાલાઇન્સ કામનાથ મહાદેવ મંદિર પાસે તાપી નદીના વોક-વે પરથી એક યુવકને ૨,૬૩,૩૦૦ ની કિંમતના ૨૬.૩૩ ગ્રામ ગેરકાયદેસર મેફેડ્રોન (એમ.ડી.) ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો પેડલર અગાઉ ચોરી હત્યાના ૪ અલગ ગુનામાં અઠવા અને ઉમરા પોલીસમાં પકડાઇ ચૂક્યો છે.

અઠવાલાઇન્સ, કામનાથ મહાદેવ મંદિર પાસે તાપી નદીના વોક-વે ઉપર કાળા કલરની હોન્ડા એક્ટીવા મોપેડ પર બેઠેલો ઇસમ પોલીસને જોઇને ભાગવા લાગ્યો હતો. જેનો પીછો કરી પકડી લેવાયો હતો.

પકડાયેલા ધ્રુવ મુકેશભાઇ કહાર (ઉ.વ. માધવ એજન્સીની સામે, નાનપુરા માછીવાડ, સુરત)ની અંગઝડતી લેતા ખિસ્સામાંથી પ્લાસ્ટિકની કોથળીમાં રાખેલ ૨૬.૩૩ ગ્રામ ૨,૬૩,૩૦૦ કિંમતનું પ્રતિબંધિત મેફેડ્રોન (એમ.ડી.) ડ્રગ્સ મળી આવ્યું હતું. તે ચાર-પાંચ દિવસ પહેલા વરાછા એ.કે. રોડ રેલવે પટરી પરથી એક અજાણ્યા ઇસમ પાસેથી પોતે જઇને લાવ્યો હતો. ધ્રુવ અગાઉ ચોરી હત્યાના ૪ અલગ ગુનામાં અઠવા અને ઉમરા પોલીસમાં પકડાઇ ચૂક્યો હોવાનું તપાસ દરમિયાન બહાર આવ્યું છે.

# કેનેડાના વિઝાના નામે ઠગાઈ કરતો પંજાબથી ઝડપાયો

સુરતઃ વિદેશ જવા ઈચ્છુક નાગરિકો અને વિઝા એજન્ટોને ટાર્ગેટ કરી નકલી ડોક્યુમેન્ટ્સના આધારે લાખ્ખો રૂપિયા ખંખેરતી આંતરરાજ્ય ટોળકીના મુખ્ય સૂત્રધાર પંજાબના મોહાલી ખાતે રહેતા ૩૬ વર્ષીય અમિત મહિન્દર સિંઘ સોનીને ઝડપી પાડવામાં સુરત શહેર સાયબર ક્રાઈમ સેલને મોટી સફળતા મળી છે.

કેનેડાના વર્ક પરમિટ વિઝા કરાવી આપવાના બહાને સુરતના ફરિયાદી પાસેથી રૂ. ૭,૦૧,૯૯૯ પડાવી લીધા હતા. સુરતના ફરિયાદી (જેઓ પોતે વિઝાના કામકાજ સાથે જોડાયેલા છે) તેમના સંપર્કમાં આવ્યા હતા. ફરિયાદીએ કેનેડા જવા ઈચ્છતા પોતાના કુલ ૧૪ ક્લાયન્ટ્સના કેનેડાના વર્ક પરમિટ વિઝા કરાવી આપવા માટે જુદી જુદી ફીના નામે ૭,૦૧,૯૯૯ ચુકવ્યા હતા.

ઓસ્ટ્રેલિયાના નુસામાં ટ્રાયથ્લોન સ્પર્ધા પૂરી કરી

# સુરતના મહેશ પ્રજાપતિએ 50 વર્ષની ઉંમરે જ 'અલ્ટ્રામેન'નું બિરુદ મેળવ્યું

**મહેશ** પ્રજાપતિ માત્ર 36 જ કલાકમાં 10 કિમી સ્વિમિંગ, 425 કિમી સાયકલિંગ અને 84.4 કિમી રનિંગ કર્યું



સુરતઃ સુરતના મહેશ પ્રજાપતિએ અત્યંત કપરી અને વિશ્વવિખ્યાત અલ્ટ્રામેન ટ્રાયએથ્લોન પૂર્ણ કરીને ગુજરાત અને ભારતનું નામ વિશ્વ સ્તરે ચમકાવ્યું છે. 10 કિમી સ્વિમિંગ, 425 કિમી સાયકલિંગ અને 84.4 કિમી રનિંગની કુલ 519 કિમીની અઘરી સ્પર્ધા 36 કલાકમાં પૂર્ણ કરી હતી. ઑસ્ટ્રેલિયાના નુસામાં પહાડી અને જંગલી વિસ્તારમાં આયોજિત આ ઈવેન્ટમાં 4500 મીટરથી વધુ એલિવેશન, 12થી15%ના ખતરનાક ગ્રેડિયન્ટ, પેબલ સર્ફેસવાળા રસ્તા, તીવ્ર ગરમી અને અચાનક આવતા વરસાદ-તોફાનનો સામનો કરતાં મહેશ પ્રજાપતિએ અસાધારણ સહનશક્તિ દાખવી. સ્પર્ધા દરમિયાન 15000 થી વધુ કેલેરી બર્ન થઈ અને શરીરનું વજન પણ 5 કિલો ઘટ્યું. 50 વર્ષીય મહેશ શાકાહારી છે. તેઓ વર્ષોથી સવારે 4 વાગે ઊઠીને સાપુતારા, સુરત અને નવસારીમાં સખત પ્રેક્ટિસ કરતા હતા. તેમની સપોર્ટ ટીમમાં ઑસ્ટ્રેલિયન ક્રુ મેમ્બર્સ ડ્યુએન પાર્નેલ અને માર્કે મહત્વની ભૂમિકા ભજવી હતી. મહેશે જણાવ્યું કે, "શરીર થાકી જાય ત્યારે વર્ષોની મહેનત, પરિવાર અને પ્રેરક ગીતો મને આગળ વધારતા." તેમના ટ્વિન ડોટર અને પુત્ર સ્વિમિંગ અને રનિંગમાં રસ લઈ રહ્યા છે, જે તેમની સાચી લેગસી છે. આ સિદ્ધિ સાબિત કરે છે કે ઉંમર એક સંખ્યા માત્ર છે.

વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો

રોજના પાંચ લાખ લોકોને ટ્રાફિકમાં રાહત મળવાની હોવા છતાં

# શાસકોના અભાવે હીરા બાગ FOBનો રેમ્પ તૈયાર છતાં ખુલ્લો મુકાયો નથી

**ધીરજ** ખૂટી જતાં બે મહિનાથી તૈયાર બ્રિજનો સ્થાનિકોએ ઉપયોગ શરૂ કરી દેતાં તંત્ર દોડતું થયું: બેરિકેડ મૂકી દેવાયાં




સુરતઃ સુરત મહાનગર પાલિકાનાં વહીવટી તંત્રનાં પાપે હીરા બાગ ફ્લાય ઓવરબ્રિજ તૈયાર હોવા છતાં વાહન ચાલકોએ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

ધારાસભ્ય કુમાર કાનાણી દ્વારા હીરા બાગ ફ્લાય ઓવરબ્રિજ માટે રજુઆત કરી હતી. જેને ધ્યાને રાખી સુરત મહાનગર પાલિકા દ્વારા કરોડો રૂપિયાનાં ખર્ચે આ હીરાબાગ ફ્લાય ઓવરબ્રિજનું નિર્માણ હાથ ધર્યું હતું. જો કે, ચૂંટણી દરમિયાન બ્રિજની કામગીરી પૂર્ણ થઈ ગઈ હતી અને શાસકોની ગેરહાજરીને પગલે બ્રિજનું ઉદઘાટન થઈ શક્યું ન હતું.

બે દિવસ પૂર્વે વાહન ચાલકો દ્વારા હીરા બાગ બ્રિજનો ઉપયોગ શરૂ કરી દેવામાં આવ્યો હતો અને આ અંગેના વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું. નવા મેયરની વરણી થયા બાદ તેમના હસ્તે બ્રિજના લોકાર્પણના અભરખા વચ્ચે સ્થાનિક વાહન ચાલકો દ્વારા બ્રિજનો ઉપયોગ શરૂ કરી દેવામાં આવતાં તંત્ર દ્વારા બ્રિજનો ઉપયોગ બંધ કરવા માટે મસમોટા બેરિકેડ મૂકી દીધા છે.

# ડિંડોલીમાં બે વર્ષના પુત્રની હત્યા કરનારી માતાનો નિર્દોષ છૂટકારો

સુરતઃ ડીંડોલી વિસ્તારમાં બે વર્ષના બાળકના હત્યા કેસમાં સેશન્સ કોર્ટે આરોપી માતાને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. ૨૦૨૩માં કરાડવા રોડ વિસ્તારમાંથી બે વર્ષનો વીર ઉર્ફે ભોન્દુની હત્યા તેની માતા નયનાબેન સુખનંદન ડુગુ મંડાવી એ કરી નાખી હતી. તેને પ્રેમી સંજુ સાથે લગ્ન કરવાની ઈચ્છા હોવાની અને બાળક નડતરરૂપ હોવાથી તેને મારી નવા બાંધકામ હેઠળના બિલ્ડિંગના લિફ્ટ બેઝમેન્ટના ખાડામાં ફેંકી દીધાની કબૂલાત કરી હતી. કેસની સુનાવણી દરમિયાન આરોપી તરફથી એડવોકેટ જીજ્ઞેશ ગડમવાર અને કૌશિક રાણા દ્વારા દલીલો કરવામાં આવી હતી કે સમગ્ર કેસ માત્ર શંકા અને પરિસ્થિતિજન્ય પુરાવાઓ પર આધારિત છે. પૂરતા અને નિર્વિવાદ પુરાવા વગર આરોપીને દોષિત ઠેરવી શકાય નહીં.

# સુરતની સચિન મંડીમાં કરોડોનાં બકરાં વેચાયાં

**ઉધના** ભારતનગરની બકરાં બજારમાં 10 દિવસમાં ત્રણ હજારથી વધુ બકરાંનું વેચાણ: રૂ. 20 હજારથી લઈ 1 લાખની કિંમતનાં બકરાં ખરીદાયા



સુરતઃ આગામી ગુરુવારે બકરી ઈદ (ઈદ-ઉલ-અદહા) નિમિત્તે શહેરનાં વિવિધ વિસ્તારોમાં ભરાતા બકરાં બજારોમાં ભારે રોનક જોવા મળી રહી છે. કુરબાનીનું મહત્વ હોવાથી બકરી ઈદને 'બડી ઈદ' અથવા 'કુરબાની વાલી ઈદ' તરીકે પણ ઓળખવામાં આવે છે. સુરતનાં ઉધના ભારતનગર, સચિન, ચોક બજાર ખાટકીવાડ, રાંદેર ગામ અને જીલાની બ્રિજ પાસે ભરાતી મંડીઓમાં રોજ લાખો રૂપિયાનો વેપાર થઈ રહ્યો છે.

ઉધના ભારતનગરની મુખ્ય બકરા મંડીમાં વિવિધ રાજ્યોમાંથી વેપારીઓ પોતાના ખાસ નસલોનાં બકરાઓ લઈને આવ્યા છે. બજારનાં વેપારી કમાલુદ્દીનભાઈ શાહબુદ્દીને જણાવ્યા મુજબ રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ ઉપરાંત સુરતનાં સ્થાનિક વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં બકરાઓ વેચાણ માટે આવે છે. ખાસ કરીને રાજસ્થાનનાં સોજાત નસલનાં બકરાઓ તેમની વિશાળ કદકાઠી અને ઊંચાઈને કારણે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. કેટલાક બકરાઓનું વજન 120થી 130 કિલો સુધી પહોંચે છે.મહારાષ્ટ્રનાં નાની કદકાઠીનાં દેસી બકરાઓની પણ બજારમાં સારી માંગ રહે છે. જ્યારે મધ્યપ્રદેશનાં બરહાનપુર વિસ્તારથી આવતા બકરાઓ તેમની અનોખી સુંદરતા અને દેખાવને કારણે ઝડપથી વેચાઈ જતા હોય છે. વેપારીઓ બકરાઓનાં ખોરાક અને સંભાળ માટે પણ ખાસ કાળજી લે છે. તેમને જુવાર, આંબાનાં પાન અને ફલ્લી જેવા પૌષ્ટિક ખોરાક આપવામાં આવે છે.

### રાજસ્થાનનાં કાયસ્થ ગામેથી આવેલો 'યમન' 21 લાખમાં વેચાયો

ઉધના ભારતનગરમાં ભરાતી બકરા મંડીમાં આ વર્ષે રાજસ્થાનનાં કાયસ્થ ગામેથી આવેલો 'યમન' નામનો બકરો લોકોમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. વેપારી જમીલભાઈએ જણાવ્યું કે, ઊંચી કદકાઠી અને શાંત સ્વભાવ ધરાવતા યમનનાં શરીર પર આવેલા ફરમાં અરબી લખાણ જેવી આકૃતિ દેખાતી હતી, જેને લોકો ધાર્મિક શ્રદ્ધા સાથે જોડીને જોઈ રહ્યા હતા. યમનને જોવામોટી સંખ્યામાં લોકો મંડીમાં ઉમટી પડ્યા હતા. અંતે તેની બોલી 21 લાખ રૂપિયા સુધી પહોંચી અને એક ખરીદદારે તેને ખરીદી લીધો હતો. યમન શોશિયલ મિડિયા ઉપર પણ ખુબજ વાયરલ થયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### બાલાજી રોડના જલારામ મંદિરમાં આજથી બે દિવસ કેરી મનોરથ



સુરતઃ બાલાજી રોડ ખાતે આવેલા જલારામ મંદિરમાં પવિત્ર અધિક મહિના નિમિત્તે કમલા એકાદશી તથા ગુરુવાર તારીખ ૨૭ અને ૨૮ મેના રોજ જલારામ બાપાને કેરી ધરાવી ભક્તોને કેરી મનોરથના દર્શન કરાવવામાં આવશે. આ પ્રસંગે સમગ્ર મંદિરને કેરી દ્વારા શણગારવામાં આવ્યું છે.

### કુરુક્ષેત્રના સૂર્યોદય ઘાટ પર ભાગવત કથા શરૂ, પોથીયાત્રા નીકળી



સુરતઃ કુરુક્ષેત્ર શ્રી મોટા સૂર્યોદય ઘાટ પર બુધવારની અધિકમાસ એકાદેશીથી વિનોદભાઈ શાસ્ત્રીજીની ભાગવત સપ્તાહના પહેલા દિવસે પોથીયાત્રા ભક્તો માટે દિવ્ય દર્શન બની હતી. કથાના ભાગરૂપે મા ઉમિયાજીના મંદિરેથી નીકળેલી પોથીયાત્રા પ્રથમ ગાડીમાં, પછી બગીમાં પછી અને હોડીમાં વિહાર કરી વ્યાસપીઠ પહોંચી હતી. અધિક માસમાં સ્નાનનો મહિના હોવાથી તાપી તટે આવેલા ભક્તો પણ પહેલા દિવસની કથાનો આસ્વાદ માણી ગયા હતા. કથાના આરંભે નિવૃત લશ્કરી અધિકારી મનહરસિંહ શર્મા, નવીનભાઈ અને નટુભાઈએ દીપ પ્રાગટ્ય કર્યું હતું આવતીકાલે કથા બપોરે 3: 30 કલાકથી શરૂ થશે. આજના પહેલા દિવસે કુરુક્ષેત્ર સ્મશાન જન્મ ભૂમિ ટ્રસ્ટને રાંદેર બેંકના ડિરેક્ટર અજયભાઇ પટેલે 51000, ચંદુભાઈ બંસલે 25000 અને સાસક મંડળીના કિરીભાઈ પટેલ તરફથી 11000નું દાન મળ્યું હતું.

### બિજલ જોષીને રાષ્ટ્રીય કર્તવ્ય એવોર્ડથી સન્માનિત કરવામાં આવી



સુરતઃતા. 21 મે 2026ના રોજ મુંબઈ ખાતે યોજાયેલા"રાષ્ટ્રીય કર્તવ્ય સન્માન સેશન -2 કાર્યક્રમમાં ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ હોલ્ડર કુમારી બિજલ જોષીને જાણીતી અભિનેત્રી અમીષા પટેલના હસ્તે "રાષ્ટ્રીય કર્તવ્ય સન્માન એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો હતો. શિક્ષણ અને સમાજ ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાન બદલ તેમને આ સન્માન પ્રાપ્ત થયું છે. કુમારી બિજલ જોષીની આ ગૌરવસભર સિદ્ધિ બદલ પરિવારજનો, મિત્રો તથા સુરત શહેર વ્યાયામ શિક્ષક સંઘ તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

### ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને કિટ વિતરણ




સુરતઃ સુફી સંત હઝરત ખ્વાજા ઉસ્માને હારૂનીની યાદમાં દર વર્ષેની જેમ આ વર્ષે પણ ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા તા. ૨૪/૦૫/૨૦૨૬ રવિવારે સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ સુધી સુરત શહેરની વિવિધ શાળાઓના ધર્મજાતિના ભેદભાવ વિના ધોરણ ૧,૨,૩,૪ અને ૫માં જનાર ૪૩૦ વિદ્યાર્થીઓને નોટબુક, ડ્રોઇંગબુક, પેન્સિલ, રબર, શાર્પનર, ફુટપટી, ચોકલેટ, બિસ્કીટ, સોડા, પાસ્તા ફ્રીમાં આપવામાં આવ્યા હતા. જેમાં મુખ્ય મહેમાન તરીકે પ્રોફેસર જીએમ મલિક, ટ્રસ્ટના આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીરભાઈ દડા, સેક્રેટરી ફૈયાઝભાઈ ચીડીમાર, હસન ચીડીમાર, બીલાલ ચીડીમાર, શબ્બીર માસ્ટર, રફીકભાઈ, કાદરભાઈ, બકુલ પટેલ, તબસ્સુમ, રોશની, નુસૈબા, અરબીના, અરશીયા, ઝારા, ફજીલા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### એકતા દીક્ષિત પીએચ.ડી. થયા



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા એકતા અદ્વૈત દીક્ષિતને Mathematics વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે 'A study of viscous fluid flow in porous medium' વિષય પર સંશોધન કાર્ય પ્રોફેસર અને હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટિક્સ, પ્રો. દિલીપ સી. જોશીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે. આ સિદ્ધી બદલ તેમને ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### પ્રભુભક્તિમાં લીન થવાથી જ પ્રભુતાની પ્રાપ્તિ થાય છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુંબઈ સ્થિત શ્રી ચીરાબજાર જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન પધરામણી થઇ હતી. આ પાવન અવસરે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, પરમાત્મા અચિન્ત્ય શક્તિનો ઘુઘવાટ કરતો મહાસાગર છે. જેમ સમુદ્રના પેટાળમાં રત્નોનો ભંડાર છે તેમ પરમાત્મા અનંત ગુણનાં માલિક છે. સમુદ્રમાંથી રત્નોની પ્રાપ્તિ માટે જેમ મરજીવા બનીને ડૂબકી મારવી પડે છે તેમ પ્રભુભક્તિમાં લીન થવાથી પ્રભુતાની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહીં પણ તમે ખુદ પરમાત્મા બની શકો છો. એ માટે 'બુદ્ધિજીવી' નહીં પણ 'પ્રભુજીવી' બનવું જોઈએ. પરમાત્મા પ્રત્યે તમારી શ્રદ્ધા અને સમર્પણ 100 ટકાની હોવી જોઈએ. 'ના ઈશની ઈચ્છા વિના પાંદડું પણ હલી શકે.' એ પંક્તિને ચરિતાર્થ કરવી પડે.

### પરસોત્તમ માસ નિમિત્તે વરાછા સિધ્ધકુટિર તાપી કિનારે મહિલાઓનું તાપી સ્નાન

સુરતઃ શહેરમાં પરસોત્તમ માસ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી રહી છે. શહેરના વિવિધ મંદિરોમાં ભગવાન વિષ્ણુ અને શ્રીકૃષ્ણની વિશેષ પૂજા-અર્ચના સાથે ભજન-કીર્તન, સત્સંગ અને ભાગવત કથા થઈ રહી છે. આ અધિક માસમાં સ્નાનનું પણ મહત્વ છે. આજે અધિક માસની એકાદસી નિમિત્તે વરાછા ખાતે આવેલા સિધ્ધકુટિર તાપી કિનારે મહિલાઓએ તાપી સ્નાન કર્યું હતું. તેમજ પાલનપુર પાટિયા, જ્ઞાન સાગર રો હાઉસના લોકોએ આજે પુરુષોત્તમ માસ નિમિત્તે ભગવાનને તુલસી અર્પણ પૂજાનો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં સોસાયટીના લોકોએ ભાગ લીધો હતો.